**દોઢ કરોડના દાગીના પર હાથ સાફ કરનાર સફાઈ કામદાર ગણતરીના સમયમાં ઝડપાયો**

# તનિષ્ક શો રૂમમાં સફાઈ કામદારે નગ્ન થઈ દોઢ કરોડના દાગીનાની ચોરી કરી

સુરત,તા.૧૫

ઘોડદોડ રોડ સ્થિત તનિષ્ક શો રૂમમાં થયેલી દોઢ કરોડના સોનાના દાગીનાની સનસનીખેજ ચોરીના ઘટનાને ભેદ ગણતરીના સમયમાં ઉકેલી કાઢી પોલીસે ચોરને આબાદ ઝડપી પાડ્યો હતો. પોતાની ઓળખ છતી નહીં થાય માટે નગ્ન થઈ ચોરી કરનારા સફાઈ કામદાર મોબાઈલ ફોન બંધ રાખવાની સાથે નોકરીએ નહીં આવતા પોલીસની શંકાના ઘેરામાં આવી ગયા બાદ પકડાઈ ગયો હતો. તેણે લિંબાયત ખાતેના નીલગીરી ગ્રાઉન્ડમાં દાટી દીધેલા ૪ કિલો ૩૮૪ ગ્રામના દાગીના પોલીસે કબ્જે કર્યા હતા.

**નીલગીરી ગ્રાઉન્ડમાં દાટી દીધેલા ૪ કિલો ૩૮૪ ગ્રામના દાગીના કબજે કરતી પોલીસ**

આ અંગે મળતી માહિતી મુજબ આજે સવારે ઘોડદોડ રોડ સ્થિત તનિષ્ક શો રૂમના મેનેજર મિતેષ પ્રફુલ જોષીએ ઉમરા પોલીસ મથકે દોડી આવી ચોરીની ફરિયાદ કરી હતી કે, જવેલર્સના શો રૂમમાં રોકડા ૧૦ હજાર મળી દોઢ કરોડના દાગીના ચોરી થયાની વાત સાંભળી પોલીસની દોડતી થઈ ગઈ હતી. ગઈકાલે રાત્રી દરમિયાન અજાણ્યો ચોર ૪૭ બેંગ્લસ, ૩૧ બ્રેસલેટ, ૧૯ ચેન, ૩ પેન્ડલ, ૪ પેન્ડલ સેટ, ૧૩ ઈયરરીંગ, ૧૮ બુટ્ટી સાથેના સેટ, એક-એક ગોલ્ડ કોઈન, લેપટોપ, મોબાઈલ ફોન અને રોકડા રૂપિયા ૧૦ હજાર મળી રૂ. ૧,૫૨,૯૫,૨૪૩ની મત્તા ચોરી ગયો હોવાની ફરિયાદ નોંધી એફએસએલ અને ડોગસ્કવોડની મદદથી ઉમરા પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે તપાસ શરૂ કરી હતી. જો કે, ગણતરીના કલાકોમાં જ પોલીસે ચોરીમાં સંડોવાયેલા આરોપીને ઝડપી લીધો હતો.

પોલીસ કમિશનર સતિષકુમાર શર્માએ જણાવ્યુ હતું કે, લિંબાયત નીલગીરી વિસ્તારમાં આવેલા આંબેડકરનગર ખાતે રહેતા પ્રશાંત જગન વારડેની ચોરીમાં સંડોવણી બહાર આવતા તેને ઝડપી લેવામાં આવ્યો હતો. તેની પાસેથી પોલીસે ચોરીનો તમામ મુદ્દામાલ કબજે લીધો હતો. આ શોરૂમમાં સફાઈ કામ કરતી એજન્સીનો તે કર્મચારી હતો. ચોરી કરવા માટે તે રાત્રે શો રૂમમાં જ સંતાઈ ગયો હતો અને ચોરીને અંજામ આપીને તે બીજા માળે આવેલી બારીની જાળી તોડીને ફરાર થઈ ગયો હતો.



## જવેલર્સની મિટિંગ બોલાવાશે

ગણતરીના સમયમાં ચોરીનો ગુનો ડિટેકટ કરી નાંખનારા ઉમરા પોલીસ મથકના પીઆઈ જી. એ. સરવૈયા અને ક્રાઈમ બ્રાન્ચની પોલીસ કમિશનર સતિષકુમાર શર્માએ પ્રશંસા કરી હતી. તેમણે વધુમાં આ પ્રકારની ઘટનાનું ભવિષ્યમાં પુનરાવર્તન નહીં થાય માટે જવેલર્સની મિટીંગ બોલાવવામાં આવશે. જેમાં જવેલર્સ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

## સ્વિચ ઓફ ફોને પોલીસ તપાસના માર્ગ ખોલ્યા

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ચોરીના ગુનામાં શો રૂમના જ કોઈ કર્મચારીની સંડોવણી હોવાની શંકા સાથે શરૂ કરાયેલી તપાસમાં અહીં સફાઈ કામ કરતા પ્રશાંત જગન વારડે (રહે. આંબેડકરનગર, નીલગીરી લિંબાયત) શંકાસ્પદ ભૂમિકા સામે આવી હતી. કર્મચારીઓની તપાસ દરમિયાન અહીં સફાઈનું કામકાજ કરતી ટીએમએસ સર્વિસ એજન્સીના કામદાર પ્રશાંતની ગેરહાજરીને ધ્યાનમાં રાખી પોલીસે તેનો સંપર્ક કરવા પ્રયાસ કર્યો હતો. પરંતુ તેનો ફોન બંધ જણાતા ઘરે જઈ તપાસ કરાઈ હતી. તેના પ્રથમ સરનામે નહીં મળેલો પ્રશાંત આંબેડકરનગરમાંથી ભાગવાની ફિરાકમાં જ હતો કે પોલીસે તેને દબોચી લીધો હતો.

## શો રૂમના બીજા માળે છુપાઈ ગયો હતો

પોલીસે પ્રશાંતની કરેલી પુછતાછ દરમિયાન ચોંકવનારી વાતો સામે આવી હતી. એક માસ પહેલા જ ટીએમએસ સર્વિસ એજન્સીમાં કામે લાગેલા પ્રશાંતને દસ-પંદર દિવસ પહેલા જ શો રૂમમાં નોકરીએ મોકલાયો હતો. જોકે, સોનાના દાગીનાની ચમક જોઈ લાલચના અંધકારમાં દોરાઈ ગયેલા પ્રશાંતે ચોરીનો પ્લાન ઘડી કાઢ્યો હતો. જે મુજબ નોકરી પરથી છૂટે તે પહેલા પ્રશાંત શો રૂમના બીજા માળે કોઈની નજરે નહીં ચઢે એવી જગ્યાએ છુપાઈ ગયો હતો. ત્યારબાદ શો રૂમનો આખો સ્ટાફ જતો રહેતા મોડી રાત્રે દાગીના મૂકયા હોય એ સ્થળે પહોંચ્યો હતો. પોતાની ઓળખ છતી નહીં થાય માટે તેણે મોઢું ઢાંકી લેવાની સાથે આખા શરીર પરના કપડા કાઢી નગ્ન થઈ ગયો હતો. અને ચોરી કરી બારીની જાળી કાપી એસીના આઉટર યુનિટની મદદથી બહાર નીકળી ગયો હતો.

## ચોરીની ઘટનામાં બીજાની પણ સંડોવણી હોવાની પોલીસને શંકા

પોલીસ સમક્ષ ચોરીની ઘટનાને કેવી રીતે અંજામ આપ્યો? એ વર્ણવી જનારા પ્રશાંતે દાગીના દાટી દીધા હોવાનું કહેતા પોલીસ ચોંકી ઉઠી હતી. ત્યારબાદ પોલીસે નીલગીરી ગ્રાઉન્ડમાં પ્રશાંતે દાટી દીધેલા ૪ કિલો ૩૮૪ ગ્રામના દાગીના કબ્જે કર્યા હતા. થોડા મહિના પહેલા જ પ્રશાંતના લગ્ન થયા હોવાનું પોલીસ જણાવી રહી છે. પોતાનું જીવન સારી રીતે ગુજારી શકાય એ માટે રૂપિયા કમાવવા તેણે શોર્ટકટ અપનાવ્યો હતો. જેમાં તેની સાથે બીજા કોઈની પણ સંડોવણી હોવાની પોલીસ શંકા વ્યક્ત કરી રહી છે. જેની તપાસ માટે તેના રિમાન્ડ લેવામાં આવશે અને વધુ તપાસના અન્તે સાચી હકીકત સામે આવશે એમ પોલીસ જણાવી રહી છે.